‘NARIT AI’ ટૂલ લોન્ચ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું

# ડ્રગ માફિયા ઉપર ‘AI’ પ્રહાર

**DGP** રાવ, સુરત સીપી ગહલૌતના માર્ગદર્શન હેઠળ તથા વડોદરા વેસ્ટર્ન રેલવેના SP અભય સોનીની પહેલથી પ્રોજેક્ટ સાકાર થયો

ગાંધીનગર : નાર્કોટિક્સ સંબંધિત ગુનાઓને નેસ્તનાબૂદ કરવા અને ગુનેગારોને સખત સજા અપાવવા માટે NARIT AI (Narcotics Analysis | RAG-based Investigation Tool) નામનું અત્યાધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ લોન્ચ કરવામાં આવ્યું છે. ભારતમાં કોઈપણ રાજ્યની પોલીસ અથવા તપાસ એજન્સી દ્વારા આ પ્રકારની AI ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવો આ પ્રથમ કિસ્સો છે. પશ્ચિમ રેલવે પોલીસ, વડોદરા અને મુંબઈ સ્થિત AI સ્ટાર્ટઅપ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલું આ ટૂલ Retrieval Augmented Generation (RAG) ટેકનોલોજી પર કામ કરે છે. આ સિસ્ટમ તપાસ અધિકારીઓ માટે ફોર્સ મલ્ટિપ્લાયર તરીકે કામ કરશે, જે તપાસની ગુણવત્તામાં સુધારો કરવાની સાથે કોર્ટમાં કન્વિક્શન રેટ (દોષિત ઠરાવવાનો દર) વધારવામાં મદદરૂપ થશે.

## ટૂલની વિશેષતા અને ઉપયોગિતા

- **FIR વિશ્લેષણ:** તપાસ અધિકારીએ માત્ર FIR અપલોડ કરવાની રહેશે, ત્યારબાદ AI સિસ્ટમ કેસની મજબૂતી અને નબળાઈઓનું રિયલ-ટાઈમ વિશ્લેષણ કરી રિપોર્ટ તૈયાર કરશે.
- **કાનૂની માર્ગદર્શન:** આ ટૂલ NDPS એક્ટ, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ઐતિહાસિક ચુકાદાઓ તેમજ નવા કાયદાઓ (BNS, BNSS, BSA) પર તાલીમિત છે. તે અધિકારીઓને કઈ કાનૂની પ્રક્રિયાનું પાલન કરવું અને કઈ ભૂલો ટાળવી તેનું ચોક્કસ માર્ગદર્શન આપશે.
- **ભૂલો પર રોક:** અગાઉ પુરાવા હોવા છતાં પ્રક્રિયાત્મક ખામીઓને લીધે આરોપીઓ છૂટી જતા હતા, પરંતુ આ AI સિસ્ટમ પુરાવાઓનું ચેકલિસ્ટ આપીને તપાસમાં રહેતી માનવીય ભૂલોને શૂન્ય કરશે.
- **હેલ્યુસિનેશન મુક્ત:** આ એક પ્રાઇવેટ AI સિસ્ટમ છે જે માત્ર વિશ્વસનીય ડેટાબેઝ પર આધાર રાખે છે, ઓપન ઇન્ટરનેટ પર નહીં. આથી ખોટી માહિતી (Hallucination) મળવાની શક્યતા નહિવત છે.

## ડે સીએમ હર્ષ સંઘવીએ શું કહ્યું ?

આ અંગે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી (ગૃહ રાજ્ય મંત્રી) શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય ડ્રગ્સ સંબંધિત ગુનાઓને જડમૂળથી ઉખેડવા મક્કમ છે. આ નેટવર્ક તોડી પાડવા અમે ટેકનોલોજીના ઉપયોગથી તપાસ પ્રક્રિયાને વધુ મજબૂત બનાવી છે જેથી આરોપીઓ સામે કાયદાનો ગાળિયો મજબૂત કસાય. માત્ર તપાસ જ નહીં, પરંતુ કોર્ટ ટ્રાયલ દરમિયાન બચાવ પક્ષ દ્વારા કરવામાં આવતી સંભવિત દલીલોનું પૂર્વાનુમાન લગાવીને તેનો વળતો જવાબ કેવી રીતે આપવો, તે અંગે પણ આ ટૂલ માર્ગદર્શન પૂરું પાડશે. આ પ્રોજેક્ટ ગુજરાત પોલીસ વડા (DGP) કે.એલ.એન. રાવ અને સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતના માર્ગદર્શન હેઠળ તથા વડોદરા વેસ્ટર્ન રેલવેના SP અભય સોનીની વિશેષ પહેલથી સાકાર થયો છે. આ એપ્લિકેશન માત્ર ગુજરાત પોલીસના ઉપયોગ માટે જ સીમિત રાખવામાં આવી છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદમાં બ્લોક

# 13 એપ્રિલે ગુજરાત ક્વિન વડોદરા સુધી જ દોડશે

**શતાબ્દી** મુંબઇથી સવા કલાક મોડી ઉપડશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના હેતુસર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર-અમદાવાદ ખંડ પર મહત્વપૂર્ણ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી અંતર્ગત તા. 13 એપ્રિલ 2026ના રોજ સવારે 10:15 થી બપોરે 13:45 સુધી (3 કલાક 30 મિનિટ) ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. જેના કારણે અનેક ટ્રેનોના સંચાલન પર અસર પડશે. ટ્રેન નં. 19033 વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન વડોદરા-અમદાવાદ વચ્ચે 13 એપ્રિલે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નં. 12009 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલથી 1 કલાક 15 મિનિટ મોડી પ્રસ્થાન કરશે.

### આ ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી

» મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ વટવા સ્ટેશન પર સમાપ્ત કરવામાં આવશે. વટવા-ગાંધીનગર કેપિટલ વચ્ચે સેવા રદ રહેશે.
» ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ વટવાથી શરૂ થશે અને ગાંધીનગર કેપિટલ-વટવા વચ્ચે રદ રહેશે.

### આ ચાર ટ્રેન રદ કરવામાં આવી

| તારીખ | ટ્રેન |
|---|---|
| 12 એપ્રિલ | વડોદરા-જામનગર ઇન્ટરસિટી |
| 13 એપ્રિલ | વટવા-વડોદરા મેમુ |
| 13 એપ્રિલ | વડોદરા-વટવા મેમુ |
| 13 એપ્રિલ | જામનગર-વડોદરા ઇન્ટરસિટી |

### લાંબા અંતરની આ ટ્રેનો મોડી દોડશે

» આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસ વડોદરા મંડળમાં 2 કલાક 10 મિનિટ વિલંબિત રહેશે.
» હાવડા-અમદાવાદ એક્સપ્રેસ પણ 2 કલાક 10 મિનિટ માટે વિલંબિત રહેશે.
» શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-જામનગર એક્સપ્રેસ 1 કલાક 45 મિનિટ માટે વિલંબિત રહેશે.

## પાલિકાનો કર્મચારી લાંચના કેસમાં નિર્દોષ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આકરણી વિભાગનાં વોર્ડ ઈન્સ્પેક્ટરને લાંચ કેસમા કોર્ટે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.આ કેસની હકીકત મુજબ આરોપી જગદીશભાઈ મકનભાઈ પટેલ સુરત મહાનગરપાલિકામાં વોર્ડ ઈન્સ્પેક્ટર તરીકે અઠવા ઝોનમાં ફરજ બજાવતા હતા. સને ૨૦૧૩માં ફરીયાદી કૌશીકભાઈ જશમતભાઈ પટેલની દિપ રેફ્રીજરેશનવાળી દુકાનની પાંચ વર્ષની આકારણી કરાવી ન હોય નળ કનેકશનનાં બહાને દુકાનની આકારણી કરાવવા અઠવા ઓફિસે આરોપીને મળ્યા હતા. જ્યાં દુકાનની આકારણી વહેલી તકે કરવા માટે આરોપી જગદીશભાઈ પટેલે રુપીયા છ હજારની માંગણી કરી હતી. પરંતુ ફરીયાદી આરોપીને રકમ આપવા માંગતા ન હોય એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી હતી. એસીબીએ છટકું ગોઠવી આરોપીને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમતનામું પુરવાર કરવા માટે કુલ પાંચ સાહેદોને રજુ કરાયાં હતાં.

## મહિલાનું પર્સ આંચકનારને સાત વર્ષની સજા

સુરતઃ પરવટ પાટિયાથી રિક્ષામા બેઠેલી મહિલાનું પર્સ ઝૂંટવી જવાનાં કેસમાં સેશન્સ કોર્ટે એક આરોપીને સાત વર્ષની સજા ફટકારી હતી, જ્યારે બીજા આરોપીને શંકાનો લાભ મળ્યો હતો. આ કેસની હકીકત મુજબ કડોદરા જોળવા ગામ સિલીકોન સોસાયટીમાં રહેતાં ઉષાબેન સંજયભાઈ શેટ્ટી તા. ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કડોદરા જવા માટે પરવટ પાટિયાથી રિક્ષામાં બેઠાં હતા. રિક્ષા આગળ વધતાં એક્ટીવા નં-GJ-05-SX-2379 ઉપર અચાનક ધસીને આવેલાં બે આરોપી ફરિયાદીનું પર્સ ઝૂંટવી નાસી ગયા હતાં. આ કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી મોહમદ તોસિફ ઉર્ફે ચરૂ મોહમદ ઝહુર શેખ (ઉ.વ-૨૦ રહે નવા કમેલા સંજયનગર લિંબાયત)ને સાત વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો જયારે આરોપી શેખ શાહરૂખ ઉર્ફે ગોલ્ડન શેખ નબીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિતીન ચોડવડીયાએ દલીલો કરી હતી.

# પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી માટે SIR નો મુદ્દો મૃત્યુઘંટ જેવો સાબિત થશે?



ટૂંક પોઇન્ટ ■ સંજય વોરા ■

લોકસભાની કે વિધાનસભાની ચૂંટણીઓ સામ, દામ, દંડ અને ભેદની કળા દ્વારા કેવી રીતે જીતવી, તેની કળા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહે હસ્તગત કરી લીધી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસનાં મમતા બેનરજી તેમની મુસ્લિમ મતબેન્ક ઉપર મુસ્તાક હતાં, પણ SIR ના શસ્ત્ર વડે તેમની હાલત ખરાબ કરી નાખવામાં આવી છે. મતદાર યાદીના સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) બાદ પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાંથી લગભગ ૯૧ લાખ મતદારોનાં નામ દૂર કરવામાં આવ્યાં છે, જેમાંના બહુમતી મુસ્લિમ છે. આ સંખ્યા રાજ્યના કુલ મતદારોના લગભગ ૧૨ ટકા છે, જે ગયા વર્ષે ઓક્ટોબરમાં SIR લોન્ચ સમયે લગભગ ૭.૬૬ કરોડ હતી. આ ૯૧ લાખ મતદારોમાંથી ૬૩ લાખથી વધુ નામ ફેબ્રુઆરીમાં ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યાં હતાં. આ લોકોને ગેરહાજર, સ્થળાંતરિત, મૃત અથવા ડુપ્લિકેટ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. વધુમાં, ૬૦ લાખ મતદારોને અંડર એડજ્યુડિકેશન હેઠળ મૂકવામાં આવ્યા હતા, જેનો અર્થ ચકાસણી કરવાનો થાય છે.

સોમવારે ચૂંટણી પંચે આ ૬૦ લાખ લોકોમાંથી ૨૭ લાખ લોકોને અયોગ્ય જાહેર કર્યાં હતાં. આ પગલું પશ્ચિમ બંગાળની ચૂંટણી પહેલાં લેવામાં આવ્યું છે. સોમવારે ચૂંટણી પંચે ૧૫૨ વિધાનસભા બેઠકો માટે મતદાર યાદીઓ સ્થગિત કરી દીધી છે, જ્યાં ૨૩ એપ્રિલે મતદાન થવાનું છે. બાકીની ૧૪૨ બેઠકો, જ્યાં ૨૯ એપ્રિલે મતદાન થવાનું છે, તેને ૯ એપ્રિલે સ્થિર કરવામાં આવી છે. એક તરફ રાજ્યના મુખ્ય વિપક્ષ ભાજપનું કહેવું છે કે આ પ્રક્રિયા જરૂરી હતી, જેથી બાંગલા દેશ અને મ્યાનમાર જેવા દેશોના ઘુસણખોરોનાં નામો દૂર કરી શકાય. બીજી તરફ શાસક ટીએમસીનો આરોપ છે કે આ પ્રક્રિયા દ્વારા મુસ્લિમ મતદારોને નિશાન બનાવવામાં આવ્યાં હતાં, જેઓ મમતા બેનરજીની આગેવાની હેઠળની પાર્ટીનો મુખ્ય આધાર ગણાય છે. આ ૯૧ લાખ મતદારો બાકાત થઈ જતાં મમતા બેનરજી માટે આ ચૂંટણી તેમના અસ્તિત્વ માટેના જંગ જેવી બની ગઈ છે.

સોમવારે અયોગ્ય જાહેર કરાયેલાં મતદારોનાં નામ હજુ સુધી મતદાર યાદીમાંથી ટેકનિકલી સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યાં નથી. સુપ્રીમ કોર્ટના નિર્દેશને અનુસરીને ચૂંટણી પંચે ૧૯ અપીલ ટ્રિબ્યુનલની સ્થાપના કરી છે, જ્યાં મતદારો તેમની પાત્રતા અંગે લેવામાં આવેલા નિર્ણયો સામે અપીલ કરી શકે છે અથવા વાંધો નોંધાવી શકે છે. આ ટ્રિબ્યુનલ્સની રચના માર્ચના અંતમાં ચૂંટણીના લગભગ એક મહિના પહેલાં કરવામાં આવી હતી. સોમવારે મતદાર યાદી ફ્રીઝ થવામાં થોડા કલાકો બાકી હતા, ત્યારે રાજ્યભરમાં હજારો લોકો અપીલ દાખલ કરવા માટે જિલ્લા વહીવટી કચેરીઓની બહાર કતારમાં ઊભા જોવા મળ્યા હતા, પરંતુ ૯ એપ્રિલ સુધીમાં મતદારયાદી સંપૂર્ણપણે અંતિમ સ્વરૂપ પામી હોવાથી, આ ૯૧ લાખ મતદારો માટે આ ચૂંટણીમાં તેમની યોગ્યતા સાબિત કરવાની અને મતદાન કરવાની લગભગ કોઈ શક્યતા નથી. જો તેઓ પછીથી તેમની યોગ્યતા સાબિત કરે તો તેમને આગામી ચૂંટણીમાં મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. આ દૂર કરાયેલાં મતદારો નવા મતદાતા તરીકે પણ નોંધણી કરાવી શકશે નહીં.

પશ્ચિમ બંગાળમાં આ મહિને યોજનારી વિધાનસભાની ચૂંટણીઓ કેટલાક માટે સત્તામાં રહેવાની, કેટલાક માટે ખુરશી કબજે કરવાની અને કેટલાક માટે પોતાના અસ્તિત્વને બચાવવાની લડાઈ છે. કોણ જીતશે અને કોણ વિપક્ષમાં રહેશે તે અંગે અટકળો ચાલી રહી છે. રાજકીય ચર્ચા કરનારાઓ ઘણી વાર કહે છે કે ચૂંટણીનું ગણિત હંમેશા સીધું હોતું નથી. આનું કારણ એ છે કે ચૂંટણીઓ ક્યારેક મુદ્દાઓ પર આધારિત હોય છે અને ક્યારેક પરિણામ ઉમેદવારો પર આધાર રાખે છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઘણાં રાજકારણીઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યાં છે. કેટલાંક ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે કેટલાંક અન્ય ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરી રહ્યાં છે. ઘણાં બંગાળનાં રહેવાસી નથી, છતાં તેઓ મુખ્ય ખેલાડીઓ તરીકે ઊભરી આવ્યા છે.

તૃણમૂલ કોંગ્રેસનાં વડાં મમતા બેનરજી ઘણી વાર તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન દાવો કરે છે કે તેઓ રાજ્યની બધી ૨૯૪ બેઠકો માટેનાં ઉમેદવાર છે. તેમના પક્ષના નેતાઓ અને કાર્યકરો પણ તેમને એક માત્ર નેતા કહે છે. મમતા બેનરજી ચાર દાયકાથી વધુ સમયથી સંસદીય લોકશાહીમાં સક્રિય છે. તેમણે ૨૦૧૧ની વિધાનસભા ચૂંટણી જીતી હતી, જેમાં ડાબેરી મોરચાના ૩૪ વર્ષના શાસનનો અંત આવ્યો હતો. રાજ્યનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા પછી તેઓ છેલ્લાં ૧૫ વર્ષથી સતત સત્તામાં છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેમના પક્ષના નેતાઓ અને મંત્રીઓ પર ભ્રષ્ટાચારના અસંખ્ય આરોપો લગાવવામાં આવ્યા છે અને રાજ્યમાં વિવિધ મુદ્દાઓ પર લોકોનો ગુસ્સો પણ સામે આવ્યો છે. આ ચૂંટણી તેમના માટે જીવસટોસટના જંગ જેવી છે.

ભાજપની નજર લાંબા સમયથી પશ્ચિમ બંગાળ પર છે. પશ્ચિમ બંગાળમાં સત્તા હસ્તગત કરવા માટે ભાજપે પોતાની તમામ તાકાત કામે લગાવી દીધી છે. ચૂંટણી પહેલાંથી જ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજ્યની સતત મુલાકાત લઈ રહ્યા છે. ભાજપ ચૂંટણીમાં મોદીની વડા પ્રધાન તરીકેની છબીનો ભરપૂર ઉપયોગ કરવા માંગે છે. આ એક મુખ્ય પરિબળ હોઈ શકે છે. દરમિયાન, અમિત શાહને ભાજપના મુખ્ય ચૂંટણી રણનીતિકાર માનવામાં આવે છે. આ બંને નેતાઓ પોતાની જાહેર સભાઓ અને ચૂંટણી રેલીઓમાં કેન્દ્ર સરકારની વિકાસ યોજનાઓની વિગતો આપતા હોય છે, પરંતુ તૃણમૂલ કોંગ્રેસ પર કેન્દ્રીય યોજનાઓના લાભો રાજ્યના સામાન્ય લોકો સુધી પહોંચવા ન દેવાનો આરોપ પણ લગાવી રહ્યા છે. સરહદ પારથી ચાલતી ઘૂસણખોરી, ભ્રષ્ટાચાર અને ખંડણીના આરોપો પર ભાજપ તૃણમૂલ કોંગ્રેસ પર નિશાન સાધી રહ્યું છે. ભાજપે આ ચૂંટણીમાં પણ તેનો ઉપયોગ પોતાના હથિયાર તરીકે કર્યો છે.

તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અને મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજી દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાની ડાયમંડ હાર્બર લોકસભા બેઠકના સાંસદ છે. તેઓ વિધાનસભા ચૂંટણી લડી રહ્યા નથી, પરંતુ તેનાથી તેમનું મહત્ત્વ સહેજ પણ ઓછું થતું નથી. તૃણમૂલ કોંગ્રેસનાં સૂત્રો કહે છે કે પાર્ટીની રણનીતિ બનાવવી, પૈસાનો વહીવટ કરવો અને ચૂંટણી પ્રચારની પદ્ધતિઓથી લઈને પાર્ટી સંગઠનને મજબૂત બનાવવા સુધીના દરેક કાર્યમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. યુવા નેતા અભિષેક બેનરજીએ પાર્ટીના પાયાને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઘણાં લોકો તેમને ભાવિ નેતા માને છે. તૃણમૂલ કોંગ્રેસ પણ ભત્રીજાવાદના આરોપોનો સામનો કરી રહી છે. વિપક્ષે અભિષેક બેનરજી પર ભ્રષ્ટાચાર અને નાણાંકીય અનિયમિતતાના આરોપો લગાવ્યા છે.

એક સમયે મમતા બેનરજીના નજીકના સાથી અને હવે ભાજપના મહત્ત્વપૂર્ણ નેતા સુવેન્દુ અધિકારી વિરોધ પક્ષના નેતા તરીકે સક્રિય રીતે સામેલ થયા છે. ભાજપને આશા છે કે મમતાનો મતવિસ્તાર નંદીગ્રામ જીતવા માટે તેમનો ઉપયોગ કરવામાં આવશે. તેઓ કોલકાતાની ભવાનીપુર બેઠક પરથી પણ ચૂંટણી લડી રહ્યાં છે, જે મમતા બેનરજી માટે સીધો પડકાર છે. શુભેન્દુએ ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં નંદીગ્રામ બેઠક પર મમતા બેનરજીને હરાવ્યાં હતાં. એક શક્તિશાળી વિપક્ષી નેતા તરીકે, તેઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી મમતા સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. નંદીગ્રામમાં SIR પૂરક યાદીમાંથી જે મતદારોનાં નામો કાઢી નાખવામાં આવ્યાં છે, તેમાંનાં મોટા ભાગનાં મુસ્લિમો છે. આ મુદ્દો રાજ્યમાં ભાજપ માટે પણ મુશ્કેલી ઊભી કરી શકે તેવો છે. ભાજપ જો ચૂંટણી જીતે તો સુવેન્દુ અધિકારી મુખ્ય મંત્રી પણ બની શકે તેમ છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભાજપની નજર લાંબા સમયથી પશ્ચિમ બંગાળ પર છે. પશ્ચિમ બંગાળમાં સત્તા હસ્તગત કરવા માટે નરેન્દ્ર મોદી અને અમિત શાહે પોતાની તમામ તાકાત કામે લગાવી દીધી છે**

# BUSINESS મિત્ર

# નિફ્ટી 24 ,000ને પાર , સેન્સેક્સમાં 918 પોઈન્ટનો ઉછાળો

**ક્રૂડના** ભાવ અને યુદ્ધવિરામની અસ્થિરતા છતાં રોકાણકારોનો આશાવાદ; ઓટો અને બેન્કિંગ શેરોમાં તોફાની તેજીવાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 10: ઈરાન-અમેરિકા વચ્ચેના યુદ્ધ વિરામ ચોવીસ કલાક પણ ચાલ્યું નથી અને ઘોંચમાં પડી ગયું છે, જેના લીધે ફરીથી યુદ્ધ શરૂ થવાના ભણકારા વાગી રહ્યા છે, અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાના અહેવાલની પાછળ ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો આવ્યો હતો. આમ છતાં આજે સપ્તાહના છેલ્લા દિવસે રોકાણકારોના સેન્ટિમેન્ટ જળવાઈ રહ્યું હતું, અને આ યુદ્ધ વિરામ ભલે ખોરંભાઈ જાય પણ હવે યુદ્ધ લાંબુ ચાલવાની સંભાવના ઓછી થઈ રહી છે તેની અસર શેરબજારમાં જોવા મળી હતી અને શેરબજારમાં એક દિવસના બ્રેક બાદ ફરીથી તેજી સાથે બંધ રહ્યું હતું. જેમાં નિફ્ટીએ 24000 પોઈન્ટની સપાટી કુદાવી હતી.

કોર્પોરેટ બિઝનેસ અપડેટસ પર નજર રાખી અને આગામી કવાર્ટરલી કમાણીની સીઝન પહેલા પોઝિશનીંગ, જે બજારના મુલ્યાંકન અને વૃદ્ધિના વલણો પર સ્પષ્ટ દિશા પ્રદાન કરે તેવી અપેક્ષા છે.

સેકટર વાઈઝ જોઈએ તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સિવાય તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. જેમાં ઓટો, રિયલ્ટી અને ફાઈનાન્સીયલ સર્વિસીસ શેરોમાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 918.60 પોઈન્ટ એટલે કે 1.2 ટકા વધીને 77550.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77622.50 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76851 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 275.50 પોઈન્ટ એટલે કે 1.16 ટકા વધીને 24000 પોઈન્ટની સપાટી કુદાવીને 24050.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીમાં 24074 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23856 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1091.05 પોઈન્ટ એટલે કે 1.99 ટકા ઉછળીને 55912.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એફકોન્સ ઈન્ફ્રા.માં 22.35 ગણા, ચાલેટ હોટલ્સમાં 21.73 ગણા, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરેન્સમાં 17.02 ગણા, એકશન કન્સ્ટ્રકશનમાં 13.66 ગણા, યુનાઈટેડ બ્રેવરેજીસમાં 12.61 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 124.16 ગણા, કોહાન્સ લાઈફ સાયન્સીસમાં 49.66 ઘમા, મીન્ડા કોર્પોરેશનમાં 5.86 ગણા, જનરલ ઈન્સ્યોરેન્સમાં 5.01 ગણા અને ક્રિષ્ણા ઈન્સ્ટીટયુટમાં 4.85 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટે લાર્જકેપ શેરોની સરખામણીએ સુંદર પ્રદર્શન કર્યુ હતું. જેના લીધે મિડકેપ ઈન્ડેક્સ 1.71 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.60 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 3362 શેરો વધ્યા હતા, જ્યારે 943 શેરો ઘટ્યા હતા અને 151 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 2.85 ટકા વધ્યા હતા. જેમાં સોના બીએલડબલ્યુ, અશોક લેલેન્ડ, સંવર્ધન મધરસન, એકસાઈડ ઈન્ડ., આઈશર મોટર્સ, ભારત ફોર્જ, હીરો મોટોકોર્પ, મહિન્દ્રા-મહિન્દ્રા, બજાજ ઓટો અને ટીવીએસ મોટર વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન અને એશિયન બજારોમાં સુધારો આગળ વધ્યો હતો. ઈરાન અને અમેરિકાના બે સપ્તાહના યુદ્ધવિરામ ઘોંચમાં પડ્યું છે અને ક્રુડ ઓઈલના ભાવ ફરીથી વધ્યા છે, છતાં વૈશ્વિક બજારો યુદ્ધ ઠંડુ પડવાનો આશાવાદ વધ્યો હોવાથી સુધારો આગળ વધ્યો હતો. તેહરાને કહ્યું હતું કે, જ્યાં સુધી દેશ પરના હુમલાઓ બંધ કરવામાં નહીં આવે ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેશે. હુમલાઓ બંધ થશે તો જ હોર્મુઝ સ્ટ્રીટ ખુલશે. ચીનમાં છૂટક મોંઘવારી દર માર્ચમાં એક વર્ષ અગાઉની તુલનામાં એક ટકા વધ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.35 ટકા, કેક 0.58 ટકા અને ડેક્સ 0.78 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.81 ટકા, સ્ટ્રેઈટસ 0.25 ટકા, હેંગસેંગ 0.55 ટકા, તાઈવાન 1.57 ટકા, કોસ્પી 1.38 ટકા, જકાર્તા 2.02 ટકા અને શાંઘાઈ 0.50 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયામાં નરમાઇ, વધુ 6 પૈસા ઘટ્યો

**અમદાવાદ, તા. 10:** કરન્સી બજારમાં ડોલરમાં સુધારો આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 6 પૈસા સુધરીને 92.73ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.67ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.09, પાઉન્ડ, 125.31, કેનેડિયન ડોલર 67.19, ઓસ્ટ્રેલિયન ડોલર 65.83, જાપાનીઝ યેન 0.5827 અને સીંગાપોર ડોલર 73.01ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 92.73 રૂ. |
| યુરો | 109.09 રૂ. |
| પાઉન્ડ | 125.31 રૂ. |
| યેન | 0.5827 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 918.60 | 77550.25 |
| નિફ્ટી | 275.25 | 24050.60 |
| બેન્ક નિફ્ટી | 1091.05 | 55912.75 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 4.01 | 2360.70 |
| આઇશર મોટર્સ | 3.87 | 7424.00 |
| ICICI બેન્ક | 3.17 | 1321.90 |
| શ્રીરામ ફાઇનાન્સ | 3.14 | 1027.55 |
| બજાજ ઓટો | 3.12 | 9813.50 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 4.40 | 434.10 |
| સન ફાર્મા | 3.62 | 1654.90 |
| ઇન્ફોસીસ | 2.94 | 1292.50 |
| ટીસીએસ | 2.50 | 2524.30 |
| ટેક મહિન્દ્રા | 1.46 | 1440.20 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 3.84 | 2356.40 |
| ICICI બેન્ક | 3.22 | 1322.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.98 | 3261.80 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.77 | 4571.50 |
| એક્સીસ બેન્ક | 2.49 | 1351.45 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 3.65 | 1654.70 |
| ઇન્ફોસીસ | 2.94 | 1292.35 |
| ટીસીએસ | 2.45 | 2524.35 |
| ટેક મહિન્દ્રા | 1.44 | 1440.40 |
| એચસીએલ ટેકનો | 0.90 | 1452.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૭૫/૩૬ ’’ | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૩૬ ’’ | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૩૦૦ |
| તેજાબી સોનું | ૧૫૫૨૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૫૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૧૯૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૩૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૭૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૯૪૦૦ |

# ભાગીદારોના પગાર, વ્યાજ પર T.D.S.

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

**નવી જોગવાઈ શું છે ?**

ફાયનાન્સ એકટ 2024ની જોગવાઈ મુજબ નવી કલમ-194 Tનો ઉમેરો થયો છે જેમાં ભાગીદારી પેઢીમાંથી ભાગીદારને ચૂકવવામાં આવતા વ્યાજ, પગાર, ભથ્થા, કમિશન, બોનસ ઉપર 10 ટકા TDS કાપવાનો રહે છે. આ માટે જે ભાગીદારી પેઢીઓએ હજુ સુધી T.D.S. નંબર લીધો નથી તેઓએ તાકિદે લઈ લેવો. 31-3-2026ના રોજના હિસાબો તૈયાર કરતા પહેલાં નાની મોટી તમામ ભાગીદારી પેઢીઓએ ભાગીદારોને વ્યાજ, પગાર કેટલો આપવાનો રહે છે તેને આધારે T.D.S.નો હવાલો નાખીને 30મી એપ્રિલ પહેલાં ભરી દેવાનો રહે છે અને આ અંગેનું ત્રિમાસિક ભરી દેવાનો રહે છે અને આ અંગેનું ત્રિમાસિક T.D.S. રીટર્ન ફોર્મ 26Q તા. 31મી મે પહેલાં ઓનલાઈન સબ્મીટ કરવાનું રહે છે. નાની ભાગીદારી પેઢીઓ કે જેઓ વાર્ષિક 20000થી ઓછો પગાર, ચૂકવે છે અથવા આ રકમથી ઓચુ વ્યાજ ચૂકવે છે તેઓને T.D.S. કપાતમાંથી મુકિત આપી છે. ભાગીદારી વ્યાજ અને પગારને મૂડી ખાતે ઉધારવામાં આવે તો પણ આ કપાત કરવાની છે.

દર મહિને ફિકસ પગાર વ્યાજ ચૂકવનારે બીજા મહિનાની 7 તારીખ પહેલાં આવી કપાત ચૂકવણી કરવાની રહે છે. તમામ ભાગીદારી પેઢીઓ કે જેઓનાં T.D.S.ને પાત્ર વાર્ષિક ટર્નઓવર, રીસીપ્ટસ 1 કરોડથી ઓછું હોય તો પણ આ જોગવાઈ લાગુ પડી જશે. કોઈ છૂટ આપવામાં આવી નથી.

**ભરવામાં ચૂક થાય તો ?**

આમ નાણાં મંત્રીએ એક બાજુ 12 લાખ સુધીની આવક ઉપર ‘શૂન્ય’ ટેક્ષ દાખલ કરીને રાહત કરી આપી પરંતુ બીજી બાજુ નાના ભાગીદારોને T.D.S. કપાતના રિફન્ડ લેવા માટે ફરજિયાત રીટર્ન ભરવાના રહે છે. ટેક્ષ કપાતથી ભરવા સુધીનું ાસિક 1.5 ટકા વ્યાજ લાગશે. 1 દિવસનું મોડું હોય તો આખા મહિનાનું વ્યાજ ગણાશે.

T.D.S. પત્રકો મોડા ભરવા માટે રોજના 200 નો દંડ લાગશે. વળી 10 હજારથી 1 લાખ સુધીની પેનલ્ટી પણ લાગી શકે છે. રીટર્ન ભરતા સુધીમાં આવી T.D.S. ની રકમ ચૂકવાય નહિ તો વ્યાજ અને પગાર ખર્ચના 30 ટકા અમાન્ય થશે.

**ભાગીદારી દસ્તાવેજમાં સુધારો**

હિસાબી વર્ષ 2025-26 થી ભાગીદારોને ચૂકવવાપાત્ર પગારમાં સુધારો આપ્યો છે જેમાં પ્રોફિટ 3 લાખને બદલે 6 લાખ સુધીમાં 90 ટકા એટલે કે 5.40 લાખ સુધી હવે પગાર બાદ મળશે અને ત્યાર પછીના નફા ઉપર 60 ટકાના દરે પગાર બાદ મળશે. વ્યાજ 12 ટકા લેખે વાર્ષિક ચોપડે ઉધારી શકાશે.

**ભાગીદાર ઉપાડ**

ભાગીદારી પેઢીમાંથી દર મહિને ઉપાડ તરીકે અથવા સમયાંતરે ઉપાડ તરીકે લેનાર ઉપર T.D.S. લાગતો નથી. પરંતુ જે ભાગીદારી પેઢીના ચોપડે ખર્ચા તરીકે ઉઘરાવવામાં આવે તો જ T.D.S.ની જવાબદારી ઉભી થાય છે. ભાગીદારી પેઢીમાંથી મળતા પગાર-ભથ્થા અને વ્યાજને ભાગીદારના રીટર્ન સાથે Match કરવામાં આવશે. TDS કપાત અંગે ફોર્મ 16A ઈસ્યૂ કરવાનું રહે છે. ભાગીદારી પેઢી અંગેની આ જોગવાઈ LL.Pને પણ લાગુ પડે છે.

# રોકાણકારોએ એક સપ્તાહમાં 29 લાખ કરોડ રૂપિયાની કમાણી કરી

**સેન્સેક્સ**-નિફ્ટીમાં છ સપ્તાહના ઘટાડાને બ્રેક વાગી, પાંચ વર્ષમાં સૌથી મજબૂત સાપ્તાહિક પ્રદર્શન જોવાયું

મુંબઈ, તા. 10: સપ્તાહના અંતિમ દિવસે શેરબજારમાં તેજી સાથે બંધ રહ્યા હતા. જે એક દિવસીય ઘટાડાને બ્રેક મારી હતી અને ફરીથી નવી તેજી તરફ આગેકૂચ કરતા જોવા મળ્યા હતા. જેના લીધે નિફ્ટીએ 24000 પોઈન્ટની સપાટી કુદાવી હતી. બેન્કીગ અને નાણાકીય શેરોમાં મજબૂત ખરીદી અને વૈશ્વિક બજારોના મજબૂત સંકેતોએ આ ઉદયને ટેકો આપ્યો હતો. ભારતીય શેરબજારમાં છેલ્લા છ સપ્તાહથી જે ઘટાડો થયો હતો તે તૂટયો હતો. સેન્સેક્સ અને નિફ્ટી સપ્તાહમાં લગભગ 6 ટકાનો ઉછાળો આવ્યો હતો. છેલ્લા પાંચ વર્ષમાં આ તેનું સૌથી મજબૂત પ્રદર્શન છે. તે જ સમયે, બ્રોડર માર્કેટ પણ સમાન રીતે ટેકો આપે છે. બેન્ક નિફ્ટી અને મિડકેપ ઈન્ડેક્સમાં લગભગ 8 ટકાનો ઉછાળો જોવાયો હતો. સેકટર વાઈઝ જોઈએ તો રિયલ્ટી અને ઓટો સેકટર બેસ્ટ પર્ફોમર રહ્યા હતા. આ સેકટર્સમાં ડબલ ડિજીટ વળતર જોવા મળ્યું હતું. જ્યાં રોકાણકારોએ તાજેતરના ઘટાડા પછી મજબૂત ખરીદી કરી હતી. વિશ્લેષકો કહે છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત યુદ્ધવિરામથી વૈશ્વિક બજારોમાં સ્થિરતા આવી છે. બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન આજે લગભગ 6.5 લાખ કરોડ રૂપિયા વધીને 451.22 લાખ કરોડ રૂપિયા થયું છે.